## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બહેન, શાકભાજીનાં ભાવ ન જુઓ તમારી સેફ્ટીનું વિચારો, આ જુઓ હું પહેલા કોરોના વોરિયર હતો અને સહુ પ્રથમ રસી લઈને આ ધંધો કરું છું...!!

# ભાટની જમીનમાં ખોટા દાવા ઉભા કરનાર બે સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-એરપોર્ટ માર્ગ પર ભાટ ગામની સીમમાં શીવાલીક રીસોર્ટસ એન્ડ પ્રા.લી.કંપનીના નામે વર્ષ ૨૦૦૮ અને વર્ષ ૨૦૧૧ માં જમીન ખરીદી કરી હતી. જમીનની દેખરેખ માટે કંપનીને કામ સોંપી સિક્યુરીટી ગાર્ડ મુકવામાં આવ્યા હતા. જેમા એક ગાર્ડે ૧૩ વર્ષથી પગાર ન મળ્યો હોવાનું અને બીજા વ્યકિતએ જમીન લીઝ પર લીધી હોવાનો દાવો કોઈપણ જાતના દસ્તાવેજ આધાર પુરાવા વિના કરતા બંને વ્યકિત સામે રાજકુમાર મોટુમલ કુકરેજાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા રાજકુમાર કુકરેજા (ઉં.૫૯) શીવાલીક રીસોર્ટસ એન્ટ પ્રા.લી. કંપનીમાં ડિરેકટર તરીકે ફરજ બજાવે છે. ભાટ ગામની સીમમાં ૧૦૫૦૩ ચોરસમીટર ૨૦૦૮ માં અને ૧૩૧૫ અને ૮૫૫ ચોરસમીટર જમીન ૨૦૧૧માં કંપનીના નામે ખરીદી હતી. જમીનની સાચવણી અને દેખરેખ માટે સિક્યુરીટી કંપનીને કામ સોંપ્યું હતું. જો કે રાજકુમાર કુકરેજાને તા.૨૭ નવેમ્બરના ૨૦૨૦ ના રોજ અડાલજ પોલીસ મથકે થી ફોન આવતા તેઓ ત્યાં ગયા હતા. જયા દધરામ ઈશ્વરરામ શર્માએ (રહે.ઈન્દીરાબ્રિજ) ફરીયાદી સામે અરજી કરી હતી. જેમાં તેણે પોતે સિક્યુરીટી ગાર્ડ તરીકે ૨૦૦૭ જમીન સાચવે છે. અને ૧૩ વર્ષથી પગાર બાકી હોવાનો દાવો કર્યો હતો.બીજીતરફ દધરામ શર્મા અને અનુપસિંહ આનંદકિશોરસિંહ રાજપૂત (રહે. ગ્રીનપાર્ક વિભાગ-૨ ચાંદખેડા) એ સંયુકત રીતે ગાંધીનગર કોર્ટમાં દાવો કર્યો હતો.જેમાં તેઓએ રજુઆત કરી હતી કે તેઓએ કંપની પાસેથી જમીન ૨૦૦૮ થી ૨૫ વર્ષની મુદતે લીઝ પર વાર્ષિક ૧૫ અને ૪૦ હજાર થી લીધી છે.પરંતુ દાવો કોઈપણ જાતના આધાર-પુરાવા,કાગળ કે દસ્તાવેજ વિના કર્યો હોવાથી કોર્ટે જમીન પરપંચનામું કરવા સામે મનાઈ ફરમાવી હતી. દિવાળી પર સિક્યુરીટી ન હોવાથી આરોપીએ ગેરકાયદે પ્રવેશ કરી ખોટા દાવા ઉભા કર્યા હતા. જે અંગે બંન્ને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના પૂર્વ ખેતીવાડી અધિકારી એન.વી. રાઠવા નાયબ ખેતી નિયામક પદેથી આજે નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના વિસ્તરણ અધિકારી ઈટાલિયા તેમજ ગાંધીનગર તાલુકાના તલાટી ગોપાળજી ઠાકોર આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે આજે સેન્ડ ગ્રેબીંગ એકટ માટેની જિલ્લા સમિતિની બેઠક મળી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ આજે ૩૫ વર્ષની દીર્ઘકાલીન સેવાઓ બાદ સિનીયર કલાર્ક દિનેશભાઈ પરમાર તેમજ જન્મ-મરણ નોંધણી શાખાના હિરાબેન સોલંકી વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં વિદાય આપવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં ઈવનીંગ વોકર્સ અને મોર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ આજે ભાજપના નિરીક્ષકોએ જિલ્લા-તાલુકાના ઉમેદવારોની રજુઆતો સાંભળવાનું સંપન્ન કર્યુ છે. કાલે તેઓ નાગરપાલિકાના દાવેદારોને સાંભળશે અને બપોર બાદ સંકલન સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન રાકેશ પટેલે રૂ. પાંચ લાખ રામ મંદિર નિર્માણ નિધિમાં દાન પેટે આપ્યા છે.

# હું પૈસા આપુ છું, તેમ છતા તમે મને કેમ ચા નથી આપતા કહી યુવકે લાકડી ફટકારી

**સે-૧૧ કોર્ટની સામે મોડીસાંજનો બનાવ, લારીધારકે કહ્યું દારૂ પીતા લોકોને હું ચા આપતો નથી,**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે કોર્ટ ની સામે મોડીસાંજે ચા ની લારી ચલાવતા યુવકને કોઈ શખ્સે ચા ની બાબતમાં ગાળો બોલીને માથાના ભાગે લાકડી મારતા ઈજા પહોંચી હતી. યુવકને સિવિલમાં સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે ચાની લારી ચલાવતા યુવકે સેકટર-૧૧ ખાતે છાપરામાં રહેતા મનીષ નામના યુવક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ફરીયાદી જગાજી ભગાજી ઠાકોર (રહે. પાલજ ગામ, પ્રાથમિક શાળા પાસે ઠાકોર વાસ), સેકટર-૧૧ કોર્ટની સામે ચા ની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. સાંજના સમયે ચાર વાગે જગાજી ચા ની લારી પર હાજર હતા તે સમયે સેકટર-૧૧ છાપરા ખાતે રહેતો મનીષ નામનો શખ્સ આવ્યો હતો અને કહ્યું હતું કે હું પૈસા આપુ છું, તેમ છતા તમે મને કેમ ચા નથી આપતા, જેથી ચા ની લારીવાળાએ કહ્યું કે દારૂ પીતા લોકોને હું ચા આપતો નથી. જેથી મનિષે હું જોઈ લઈશ તેવી ધમકી આપી તે જતો રહ્યો હતો. ત્યારબાદ સાંજના સુમારે ફરીયાદી ગલ્લો બંધ કરીને સામાન છાપરામાં મુકતા હતા. તે દરમિયાન સાંજના સાત વાગ્યાના અરસામાં મનિષ પરત આવીને જેમ તેમ ગાળાગાળી કરી રહ્યો હતો. તે સમયે અચાનક તેના હાથની લાકડી ફરીયાદીને માથાના ભાગે મારી દીધી હતી. જયારે ફરીયાદીના પત્નીને પણ શરીરે મુઢમાર માર્યો હતો. જયારે આ સમયે હાજર વ્યકિતઓએ વધુ મારમાંથી છોડાવ્યા હતા.જયારે ફરીયાદીને લાકડી વાગતા લોહી નીકળતા તાત્કાલીક રીક્ષામાં બેસીને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં માથાના ભાગે ટાંકા લીધા હતા. બનાવ અંગે જગાજી ઠાકોરે મનિષ નામના વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સે. ૨૩ માં હનુમાન મંદિરે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે આરતી દર્શન આરંભાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સે. ૨૩ માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં તેમજ આ મંદિર પરિસરમાં આવેલ હનુમાનજીના મંદિરમાં આજે જાહેર જનતા માટે સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે સાયં આરતીનો આરંભ થયો છે.

આજે સાંજે યોજાયેલ આરતીમાં મેયર રીટાબેન પટેલ, બ્રહ્મસમાજના અગ્રણી ગિરીશ ભટ્ટ તેમજ ભક્તજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકડાઉનથી આ મંદિર બંધ હતુ અને સેવા-પૂજા મહંતો અને સંતો દ્વારા કરવામાં આવતી હતી. આજે હરિભક્તો સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે આરતીમાં જોડાયા હતા.



આરટીઓ ખાતે ૩૨મા નેશનલ રોડ સેફટી માસ, ૨૦૨૧ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત ધારાસભ્ય શંભુજી ઠાકોર, કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા, ટ્રાફિક ઓફિસર અને આરટીઓ એજન્ટો ઉપસ્થિત રહ્યા હતા અને ટ્રાફિકના નિયમોની અમલવારી અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

## આજે સે-૭-બીમાં જન્મજાત દિવ્યાંગતા ધરાવતા બાળકો માટે નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૭-બીમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે તા. ૩૧મી જાન્યુઆરી રવિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન જન્મજાત ખોડખાંપણ ધરાવતા નાના દિવ્યાંગ બાળકોના નિષ્ણાંત ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. ઝલક વોરાની નિ:શુલ્ક સેવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં બાળકોના ચેક અપ તથા બાળઉછેર માટે માતા પિતાના કાઉન્સેલિંગની સેવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવશે. કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્મિત ફાઉન્ડેશન દ્વારા પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે રમતગમત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં સોલા સાયન્ચ સીટી ખાતે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોની રમત ગમત સ્પર્ધા યોજાઈ હતી. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખે વધુમાં જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ૧૦૦થી વધારે પ્રજ્ઞાચક્ષુ બાળક ભાવનગર, સુરત, મહેસાણા, પોરબંદર, દહેગામ, પાલનપુર એમ અલગ અલગ વિસ્તારમાંથી આવી પહોંચ્યા હતા આ બાળકોમાં રહેલું ટેલેન્ટ બહાર આવે અને તેમને આગળ વધવામાં પ્રોત્સાહન મળી રહે તે માટે ક્રિકેટ, વોલીબોલ, કબ્બડી, મ્યુઝીકલ ચેરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા થનાર અલગ અલગ ટીમને ટ્રોફી અને મેડલ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે અતિથિ પદે ડૉ. ઉર્મિલભાઈ શાહ (સીમ્સ હોસ્પિટલના ડાયરેકટર), ડૉ. નીતિનભાઈ શાહ-બીબીએ-મેડીકલ ડાયરેકટર, વિનોદભાઈ દાદાલા-કાલુપુર બેંકના સીઈઓ, એન્ટરપ્રિન્યોર રાજેન્દ્રસિંહ રાઠોડ, કેતનભાઈ પટેલ (વિવાનતા ગ્રુપ), કરીમભાઈ લખાણી (શાહીન ફાઉન્ડેશન), સંજયભાઈ ઝા, જગદીશભાઈ પટેલ (હાર્મોની ગ્રુપ), રમેશભાઈ જી. પટેલ-સામાજિક કાર્યકર્તા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોની અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# બાળકોના કૌશલ્ય વિકાસ માટે તેમની જિજ્ઞાસાને ખીલવા દો

**ગુજકોસ્ટ આયોજિત વર્ચ્યુઅલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસમાં સસ્ટેનેબલ લિવીંગ સંદર્ભે વિવિધ તજજ્ઞોનું માર્ગદર્શન : આ વર્ષે 33 બાળ વિજ્ઞાનીઓ રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે**

ગાંધીનગર, તા. ૩૦

''બાળકોમાં પોતાની આસપાસના વિશ્વ અંગે શોધ કરવાની, પ્રયોગો કરવાની અને તે અંગે વિચારવાની પ્રવૃતિ વિવિધ પ્રકારની કુશળતા આપે છે જે પછી તેમને જીવનપર્યત ઉપયોગી નીવડે છે. આથી શિક્ષકો અને મા-બાપે બાળકોને જીવનભર જીજ્ઞાસા રાખવાનું શીખવવું જોઈએ.'' ગુજકોસ્ટ દ્વારા તા. ૨૮મી જાન્યુઆરીથી ગુગલમીટના માધ્યમથી પ્રાંરભ કરવામાં આવેલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસના ઉદ્ઘાટન પ્રસંગે નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજીના સલાહકાર તથા વડા ડૉ. પ્રવિણ અરોરાએ જણાવ્યું હતુ. તા. ૩૧મી જાન્યુઆરી સુધી ચાલનારી ચાર દિવસીય ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસમાં ''સાયન્સ ફોર સસ્ટેનેબલ લિવીંગ'' થીમ અંતર્ગત પાંચ પેટા થીમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં સસ્ટેનેબલ લિવીંગ માટે કોસિસ્ટમ, યોગ્ય ટેકનોલોજી, સામાજિક સંસોધન, ડિઝાઈન, વિકાસ, મોડેલિંગ અને આયોજન તથા પરંપરાગત નોલેજ સિસ્ટમનો સમાવેશ થાય છે.

ગુજરાત કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ આયોજિત આ કાર્યક્રમમાં ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના ડિરેક્ટર ડૉ. કન્નન શ્રી નિવાસન, યુનિસેફના ભારત કાતેના કોમ્યુનિકેશન સ્પેશિયલિસ્ટ ડૉ. મોઈરા દાવા, જીઈઆર ફાઉન્ડેશનના પૂર્વ ડિરેક્ટર અને એનસીએસસી પ્રોગ્રામના સ્ટેટ એકેડેમિક કો.ઓર્ડિનેટર ભરત પાઠક તથા ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ વગેરેએ ઉપસ્થિત રહી બાળકોને વિવિધ વિષયે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી ૯૦૧ પ્રોજેક્ટસ સાથે જે બાળ વિજ્ઞાનીઓએ નોંધણી કરાવી હતી તેમાંથી ૭૭૨ને પસંદ કરાયા હતા. તેમાંથી ૧૫૬ને જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પસંદ કરાયા હતા. જેમાં ૭૦ છોકરાઓ તથા ૮૬ છોકરીઓનો સમાવેશ થાય છે. અગાઉ ફાઈનલકક્ષાએ માત્ર ૨૬ બાળ વિજ્ઞાનીઓની પસંદગી કરવામાં આવતી હતી તેને વધારીને આ વર્ષે નવા ચાર જિલ્લા સાથે ૩૩ બાળ વિજ્ઞાનીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.



**મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં ગાંધી નિર્વાણ દિવસની ઉજવણી**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરામાં ગાંધી નિર્વાણ દિવસની ઉજવણી પાંચ મિનિટ મૌન પાળી, ગાંધી બાપુને સુતરની આંટી અર્પણ કરી, ગાંધીગીતો ગાઈ, સમૂહ કાંતણ કરી સંકુલના સંયોજકશ્રીના માર્ગદર્શન હેઠળ ગાંધીબાપુને શ્રધ્ધાંજલી અર્પી. જગદીશભાઈ પરીખ, ડૉ. ગેલજી ભાટીયા, ડૉ. ગાયત્રીદત્ત મહેતા, વસંતી પરમાર અને સ્મીતા ગામીતે ગાંધી ગીતો ગાઈ ગાંધીબાપુના કાર્યોની સ્મરણાંજલિ કરાવી. શ્રી દિશાબેન દવેએ ગાંધી વિડિયો દર્શન કરાવ્યુ તથા શ્રી કિશનભાઈ પંચાલે સમગ્ર કાર્યક્રમ દરમિયાન ફોટોગ્રાફીનો કાર્યભાર સાંભળ્યો હતો. શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના ડિન ડૉ.જગદિશચન્દ્ર સાવલીયા સાથે સેવકો જોડાયા હતા. ડૉ.જગદિશ ગોઠીએ આભાર દર્શન કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટએ કર્યુ હતું.

## સમર્પણ કોલેજમાં પ્રજાસત્તાક દિને એનસીસીનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી સાથે એનસીસીના ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સરકારી વિજ્ઞાન કોલેજના એનસીસી ઓફિસર જિજ્ઞાશા ઠુમારે હાજરી આપી વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં એનસીસીમાં જોડાવા બદલ અભિનંદન આપ્યા હતા. આ સાથે એનસીસી કેડેટસે પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં પરેડ કરવા સાથે યોજાયેલ દેશભકિત ગીત સ્પર્ધા અને સૂત્રલેખન સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને પ્રિન્સિપાલ ડૉ. રીતુ સકસેના ઉપસ્થિત રહ્યા હતા.

# સાદરા ખાતે ગાંધીનિર્વાણ દિને પ્રાર્થના સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ રાંધેજા ખાતે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સંકુલના તમામ સેવકોની ઉપસ્થિતિમાં સવારે અગિયાર કલાકે શહિદોને શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ગાંધીજીને શ્રદ્ધાસુમન અર્પિત કરતાં સર્વધર્મ પ્રાર્થના અને બાપુને પ્રિય ભજનોનું ગાન સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. ''વૈષ્ણવજન તો તેને રે કહીએ...'' અને ''એનું જીવન કાર્ય અખંડ તપો...'' તથા ''હીરલો રે ગુમાવ્યો આખા હિંદનો...'' જેવા સુપ્રસિદ્ધ ભજનો દ્વારા ગાંધીમય વાતાવરણ વચ્ચે ગાંધીજીના ગુણગાન અને શહિદોની દેશભક્તિની વાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં સંયોજક ડૉ. રાજીવ પટેલ, સંજય મકવાણા, ભરત પરમાર, વંદનાબહેને વાર્તાલાપ અને ભજનગાન કર્યા હતા.



## બીબીએ કોલેજમાં અભ્યાસક્રમના ભાગરૂપે વર્કશોપ્સ યોજાયાં

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા અભ્યાસક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે વિવિધ વર્કશોપ યોજવામાં આવ્યાં હતા જેમાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ''ભારતના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય બજારમાંગતિશીલતા અને તકોમાં ફેરફાર'' તેમજ ''કોવિડ-૧૯ પછીના સમાજમાં યુવાનોની ભૂમિકા'' સંદર્ભે યોજાયેલા વર્કશોપ્સનો સમાવેશ થાય છે.

આ વર્કશોપ્સમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ જોડાયાં હતા. આંતરરાષ્ટ્રીય બજાર સંદર્ભે યોજાયેલા વર્કશોપમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના જ મેનેજમેન્ટ વિભાગના ડીન ડૉ. ભાવિન પંડ્યાએ અને યુવાનોની ભૂમિકા સંદર્ભે યોજાયેલા વર્કશોપમાં વી કેર ફાઉન્ડેશનના જે.સી. પટેલે વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યુ હતુ. બંને કાર્યક્રમના આયોજન માટે કોલેજ સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદમાં કોંગ્રેસનાં ૪૩૨ દાવેદાર આવતા કેટલાક કોર્પોરેટરોને કાપવાની ચર્ચા

ગાંધીનગર,તા.૩૦

ભાજપ જ નહીં પરંતુ કોંગ્રેસમાં પણ ઉમેદવારોના નામોની પસંદગી કરવામાં ડખો સર્જાઈ શકે છે. ૧૯ વોર્ડની ૭૬ બેઠકો પર પંજાના ચિન્હ પરથી ચૂંટણી લડવા ૪૩૨ દાવેદારો ઊભા થયા છે ત્યારે આંગણીના ટેરવે ગણાય તેવા નેતાઓએ માનિતાઓને સેટ કરવા ગોઠવણો શરૂ કરી દીધી છે. કેટલાક કોર્પોરેટરોને કાપવાના પણ સોગઠા ગોઠવાઈ રહ્યાં છે. જ્યારે સ્થાનિક નેતાઓથી લોબિંગમાંથી બચવા કેટલાક દાવેદારોએ અમદાવાદ અને છેક દિલ્હી સુધી દોડાદોડી શરૂ કરી દીધી હોવાનુ જાણવા મળે છે.

કોર્પોરેશનની ચૂંટણી આગામી ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે ત્યારે ચૂંટણી લાડવા માટે કોંગ્રેસમાં પણ દાવેદારોની લાઈનો લાગેલી છે. ત્યારે કયો દાવેદારના માથે કયા ગોડફાધરનો હાથ છે? તે ટિકિટ મેળવવા માટે મહત્વનુ બની ગયુ છે. શહેર કોંગ્રેસમાં આંગણીના ટેરવે ગણાય તેટલા નેતાઓ છે, પરંતુ તેઓ પોતાના માનિતા અને ચૂંટાઈ આવ્યા પછી તેમનુ સાંભળે તેવા દાવેદારોના નામો આગ ધરી રહ્યાં છે. આવામાં સ્થાનિક કોર્પોરેટરોના નામોનુ પત્તુ કાપવાનુ પણ પ્લાનિંગ કરાયુ છે.

બીજી તરફ નેતાઓની ચાલતી આ લોબિંગથી બચવા દાવેદારોએ ડાયરેક્ટ ડાયલીંગ શરૂ કરી દીધુ છે. કેટલાક પ્રદેશ પ્રમુખને મળી આવ્યા છે તો કેટલાક પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ મંત્રી સાથે બેઠક કરી આવ્યા છે. એટલુ જ નહીં, અમદાવાદ જ નહીં દિલ્હી સુધી દોડાદોડી કરી રહ્યાં છે.



સંસ્કૃતિ પરિવાર દ્વારા ગાંધી નિર્માણ દિન નિમિત્તે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ઓનલાઈન શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

# વાહનચોરીના ગુનામાં નાસતો-ફરતો આરોપી ધોળાકુવા સર્કલથી ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

અમદાવાદ-અરવલ્લી જિલ્લામાં વાહનચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ધોળાકુવા સર્કલ પાસેથી ગાંધીનગર એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ફુલુભાને આરોપી અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે ધોળાકુવા સ્વામીનારાયણ મંદિર પાસે ઉભા રહેલા વિશાલ ઉર્ફે ડાહ્યાભાઈ નિનામા (રહે. જાબ ઉપલુ ફળીયું ભીલોડા અરવલ્લી) ને પકડી પાડ્યો હતો. પોતાના સાથી મિત્રો સાથે મળીને આરોપી વાહનચોરી કરતો હતો. જયારે શામળાજી પોલીસ મથકે એક વર્ષ પહેલા નોંધાયેલા વાહનચોરીના ગુનામાં તેનુ નામ સામે આવ્યું હતું.ત્યારથી તે નાસતો ફરતો હતો. જેને પગલે એલસીબી પોલીસે તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટચૂકડી જાહેર ખબર

**ફ્લેટ વેચવાનો છે**

2 BHK ૧૫૦ ચો.વાર, ફર્નિચર તથા 2 AC સાથે, સરગાસણ, ગાંધીનગર

(M) 98243 75824
(M) 97371 92512

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
Ramkrishna Paramhans Education Complex, Nr. Mahtma Mandir, "KH"-5, Sector-15, Gandhinagar, Contact - 079-23243731

**શોર્ટ ટેન્ડર નોટીસ**

આઈ.આઈ.ટી.ઈ., સેક્ટર-૧૫, ગાંધીનગર, દ્વારા દિવાલ ઉપર જાળી-ફેન્સીંગ વગેરે જેવી કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. www.nprocure.com પરથી મેળવી ભરવાનું રહેશે. અન્ય વિગતો માટે ટેન્ડર ડાઉનલોડ કરવાનું રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૩૦/૧/૨૦૨૧
કુલસચિવ
આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર
માહિતી/૧૮૮૬/૨૦-૨૧

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION, GUJARAT
(A State Public University establishshed by Government of Gujarat)

IITE is inviting applications for Chanakya Awards for Teacher Education

ચાણક્ય

Categories:
1. Best Teacher Trainee
2. Best Teacher Educator
3. Best Teacher Education Institute

- Applications are invited 1st February 2021 to 15th March, 2021
- Kindly refer to the website: www.iite.ac.in for details and online application.